For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



હોટફિક્સનો ઔદ્યોગિક કચરો કોણે ઠાલવ્યો?

આગની ઘટનામાં હોટફિક્સનો મોટો જથ્થો સળગ્યો હોવાનું સામે આવતાં વધુ એક ગંભીર સવાલ ઊભો થયો છે. સામાન્ય કચરાના નિકાલ માટેની સાઇટ પર હોટફિક્સ જેવો ઔદ્યોગિક અને જ્વલનશીલ કચરો કેવી રીતે પહોંચ્યો? તેને કોણે ઠાલવ્યો અને કોના કહેવાથી ઠાલવવામાં આવ્યો તેની તપાસ થવી પણ જરૂરી બની છે.

યે આગ કબ બુઝેગીં.....વરાછા-પુણા બાદ હવે ડમ્પીંગ સાઇટમાં હોટફીક્સમાં આગ

કૌભાંડ કે અકસ્માત ?

ખજોદના હોટફીક્સના ડુંગરમાં આગ

ત્રણ કિલોમીટર દૂર વેસુમાં પણ લોકોને ગુંગળામણ થઇ

આસપાસનાં અનેક ગામો ધોળા દિવસે અંધારૂ

સુરતઃ વિવાદનો પર્યાય બની ગયેલી ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર શંકાસ્પદ રીતે આગ લાગવાની ઘટનાઓ અટકવાનું નામ લેતી નથી. આજે વહેલી સવારે 6.45 વાગ્યે ફરી એકવાર સાઈટ પર ડમ્પ કરાયેલા હોટફિક્સ વેસ્ટેજમાં ભીષણ આગ ફાટી નીકળતાં ફાયર વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેના પર કાબૂ મેળવવા માટે શહેરનાં 10થી વધુ ફાયર સ્ટેશનોની ટીમોને કામે લગાડવામાં આવી હતી. આગની ઊંચી જ્વાળાઓ સાથે આકાશમાં ઊંચે સુધી કાળા ધુમાડાના ગોટેગોટા ફેલાતાં દૂર-દૂર સુધી ધુમાડો નજરે

...અનુસંધાન પાના 9 પર

ડેપ્યુટી ઇજનેરને તપાસ સોંપાતા આશ્ચર્ય, પોલીસને જાણ કરાઇ

આ ઘટનામાં કોઈની ઇરાદાપૂર્વકની સંડોવણી કે કૃત્ય સાબિત થશે, તો સંડોવાયેલા ઈસમો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. તેવી ચિમકી સાથે મનપા કમિશનર દ્વારા આગનુ કારણ જાણવા માટે સાઇટની જવાબદારી જેના શીરે છે તે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના નાયબ ઈજનેર ભાવેશ પટેલની અધ્યક્ષતામાં એક કમિટિની રચના કરવામાં આવી છે, જો કે જેની સામે તપાસ કરવાની છે તે ઇજાદારની વગ અને વજન જોતા ડેપ્યુટી ઇજનેર કક્ષાના અધિકારી કેટલી તટસ્થ તપાસ કરી શકે તે પણ સવાલ છે.

બૂમ બાઉઝરથી 3 લાખ લિટર પાણીનો મારો ચલાવાયો

ભિમરાડ ફાયર સબ ઓફિસર જયેશ લાડના જણાવ્યા મુજબ આગનું પ્રમાણ અને વેસ્ટેજનો મોટો જથ્થો ધ્યાનમાં રાખીને માનદરવાજા, કતારગામ, ભેસ્તાન સહિતનાં અલગ-અલગ ફાયર સ્ટેશનોમાંથી વધારાનાં વાહનો પણ બોલાવવામાં આવ્યાં હતાં. આગ પર કાબૂ મેળવવા માટે 18 હજાર લિટર પાણીની ક્ષમતા ધરાવતા બૂમ બાઉઝર પણ ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા.સાઈટ પર અડધા કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા હોટફિક્સ વેસ્ટેજમાં આગ લાગી હોવાથી ફાયર જવાનોને અલગ-અલગ સ્થળે પાણીનો મારો ચલાવવાની કામગીરી કરવી પડી હતી. આગની આગ ઓલવવાની કામગીરી દરમિયાન અંદાજે 3 લાખ લિટર પાણીનો વપરાશ થયો હોવાનું જાણવા મળ્યું છે. 10થી વધુ ફાયર સ્ટેશનોની ટીમો અને પાણીનાં વિશેષ વાહનોની મદદથી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મોટા પ્રમાણમાં પાણીનો વપરાશ થવો એ આગની ગંભીરતાનો અંદાજ આપે છે.

આઠ માસમાં ત્રીજી આગ, અગાઉની કમિટિએ રીપોર્ટ આપ્યો નથી ને નવી કમિટીનું નાટક

ખજોદમાં આઠ માસમાં ત્રીજી વખત મોટી આગ લાગી છે. અગાઉ 10 હજાર ચોરસ મીટર અને પછી 20 હજાર ચોરસ મીટરમાં આગ લાગી હતી અને કેટલો કચરો બળી ગયો તેનો રીપોર્ટ એસવીએનઆઇટી પાસે કરાવાયો હતો. દરમિયાન રવિવારે લાગેલી શંકાસ્પદ આગ બાબતે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કાર્યપાલક ઇજનેર મૌલીક રાવે ખુલાસો આપતા જણાવ્યુ હતું કે, સદભાગ્યે કોઇ

...અનુસંધાન પાના 9 પર

એજન્સીને બ્લેકલીસ્ટ કરવાને બદલે એક્સટેન્શન અપાયું હતું

2500 મેટ્રિક ટન કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટે વાપીની સી.ડી. ટ્રાન્સપોર્ટ એજન્સીને 213 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જોકે, ખજોદ ખાતે નિકાલ કરવાને બદલે કચરો મહુવાના કાંકરિયા ખાતે બારોબાર ઠાલવવામાં આવતો હોવાનો પર્દાફાશ થતાં કરોડોના કૌભાંડનો વિવાદ ઊભો થયો હતો. આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. તેમ છતાં નવા કોન્ટ્રાક્ટર નહીં મળતાં જૂની એજન્સીને વધુ 10 મહિના માટે કામગીરી સોંપવામાં આવી હતી. નવેમ્બર મહિનામાં આ એક્સટેન્શન પૂર્ણ થવાનું છે,

...અનુસંધાન પાના 9 પર

હવેથી શાળામાં માર્કસ નહીં, વિદ્યાર્થીની મનોસ્થિતિને મહત્વ

વિદ્યાર્થીઓમાં વધતા માનસિક તણાવ અને આત્મહત્યાના બનાવો અટકાવવા ગુજરાત સરકારનો મોટો નિર્ણય

'મનો-મિત્ર' બનશે વિદ્યાર્થીઓનો ભાવનાત્મક સહારો

ગાંધીનગર : પરીક્ષામાં કેટલા માર્કસ આવ્યા તેના આધારે વિદ્યાર્થીની ક્ષમતા નક્કી કરવાની માનસિકતા હવે શાળાઓએ છોડવી પડશે. કારણ કે ગુજરાતમાં હવે વિદ્યાર્થીઓના ભણતરની સાથે તેમના માનસિક સ્વાસ્થ્યની જવાબદારી પણ શાળાઓએ નિભાવવી પડશે. પરીક્ષાનું દબાણ, ઊંચા ગુણ મેળવવાની સ્પર્ધા, પરિવારની અપેક્ષાઓ અને ભવિષ્યની ચિંતામાં ઘેરાયેલા વિદ્યાર્થીઓને માનસિક સહારો આપવા રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. ધોરણ 9થી 12ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને આત્મહત્યા નિવારણ માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. હવે દરેક શાળામાં 'સ્કૂલ વેલનેસ ટીમ' બનાવવી પડશે, જ્યારે 100 કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓમાં લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકરની નિમણૂક કરવી પડશે. એટલું જ નહીં, વિદ્યાર્થીઓને તેમના માર્કસના આધારે અલગ પાડવા, જાહેરમાં અપમાનિત કરવા કે અન્ય સાથે સરખામણી કરવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. આમ, શિક્ષણ વ્યવસ્થામાં માત્ર પરિણામલક્ષી અભિગમને બદલે વિદ્યાર્થીના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્યને કેન્દ્રસ્થાને લાવવાનો

...અનુસંધાન પાના 9 પર

વેલનેસ ટીમ આ કામ કરશે

(1) વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સુખાકારીની દેખરેખ રાખશે. **(2)** કોઈ વિદ્યાર્થી માનસિક તણાવમાં હોય તેની તાત્કાલિક ઓળખ કરવી પડશે. **(3)** આત્મહત્યા જેવા જોખમી વિચારો કરનારને તાત્કાલિક મદદ પૂરી પાડવાની રહેશે. **(4)** શાળાના આચાર્ય લીડર જ્યારે કાઉન્સેલર અથવા નિયુક્ત શિક્ષક કો-ઓર્ડિનેટર બનશે. **(5)** ધો. 9થી 10 અને 11થી 12ના એક-એક શિક્ષક, શાળા વ્યવસ્થાપન સમિતિનો પ્રતિનિધિ **(6)** બે પીઅર મોનિટર એટલે કે 'મનો-મિત્ર' અને એક બિનશૈક્ષણિક કર્મચારીનો સમાવેશ કરાશે.

શિક્ષકોને વર્ષમાં બે વખત તાલીમ, જોખમી સંકેત મળે તો તાત્કાલિક પગલાં

શાળાના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ વર્ષમાં ઓછામાં ઓછા બે વખત પ્રમાણિત માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો પાસેથી તાલીમ લેવી ફરજિયાત રહેશે. આ તાલીમમાં માનસિક તણાવનાં ચેતવણીરૂપ સંકેતો ઓળખવા, સાઇકોલોજિકલ ફર્સ્ટ એઇડ, સ્વ-ક્ષતિના જોખમ સામે પ્રતિસાદ અને જરૂરિયાત મુજબ નિષ્ણાત સુધી પહોંચાડવાની પ્રક્રિયાનો સમાવેશ થશે. જો કોઈ વિદ્યાર્થી આત્મહત્યાના વિચારો, આત્મહાનિ કે ગંભીર માનસિક તણાવનાં સંકેતો દર્શાવે તો શાળાએ તાત્કાલિક પગલાં લેવાં પડશે. આત્મહાનિનો પ્રયાસ થયો હોય તો વિદ્યાર્થીને કોઈ પણ સંજોગોમાં એકલો છોડી શકાશે નહીં અને જરૂરિયાત મુજબ તબીબી કે આપાતકાલીન સારવારની વ્યવસ્થા કરવી પડશે.

માર્કસ ઓછા આવે તો વિદ્યાર્થીનું જાહેરમાં અપમાન નહીં કરી શકાય

નવી માર્ગદર્શિકામાં શાળાઓની વર્ષોથી ચાલતી પરિણામકેન્દ્રી માનસિકતા સામે પણ મહત્ત્વપૂર્ણ જોગવાઈ કરવામાં આવી છે. શાળા સંચાલકો કે શિક્ષકો વિદ્યાર્થીઓના શૈક્ષણિક દેખાવ, પરીક્ષાનાં પરિણામો અથવા મેળવેલા ગુણના આધારે વર્ગખંડમાં કે બહાર અલગ તારવી શકશે નહીં. કોઈ વિદ્યાર્થીનું શૈક્ષણિક સ્તર ઓછું હોય તો તેનું જાહેરમાં અપમાન કરવું, અન્ય વિદ્યાર્થીઓ સાથે સરખામણી કરવી કે તેને કલંકિત કરવો પણ પ્રતિબંધિત રહેશે. શાળાઓએ એવી કોઈ પ્રવૃત્તિ કે વ્યવસ્થા અમલમાં મૂકી શકશે નહીં, જેના કારણે વિદ્યાર્થીઓમાં હીનભાવ, ભય, ચિંતા કે ભાવનાત્મક અસુરક્ષા પેદા થાય. તેના બદલે દરેક વિદ્યાર્થીને સમાન ગૌરવ, પ્રોત્સાહન અને સહયોગ આપવો પડશે.

100થી વધુ વિદ્યાર્થી હોય તો કાઉન્સેલર ફરજિયાત

નવી જોગવાઈનો સૌથી મહત્ત્વનો ભાગ કાઉન્સેલરની નિમણૂક છે. જે શાળામાં 100 કે તેથી વધુ વિદ્યાર્થીઓ હશે ત્યાં બાળ અને કિશોરાવસ્થાના માનસિક સ્વાસ્થ્ય અંગે તાલીમ મેળવેલા ઓછામાં ઓછા એક લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકરની નિમણૂક ફરજિયાત રહેશે. જ્યારે 100થી ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓએ નજીકનાં સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ અને 'ટેલી-માનસ' સેવા સાથે ઔપચારિક જોડાણ કરવું પડશે. બોર્ડની પરીક્ષા, પરિણામ અને ધોરણ 8માંથી 9 તથા ધોરણ 10માંથી 11માં પ્રવેશ જેવા સંવેદનશીલ તબક્કે વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપવાની પણ જોગવાઈ છે.



(તસવીર : સતીષ જાદવ)

ભાવ ઘટતાં જ પુષ્ય નક્ષત્રમાં સોના ચાંદીના દાગીનાની ધૂમ ખરીદી

આગામી લગ્નસરા માટે 25થી 30 ટકા પરિવારો દ્વારા જ્વેલરીના ઓર્ડર

રોકાણકારોએ સોનાની લગડીની ખરીદીમાં 60થી 70 ટકા હિસ્સો નોંધાવ્યો

સુરતઃ રવિ પુષ્ય નક્ષત્રના શુભ મુહૂર્તે આજે સુરતના સોના-ચાંદી અને જ્વેલરી બજારમાં ખરીદીનો ઉત્સાહ જોવા મળ્યો હતો. દિવાળી પર્વ પૂર્વે છેલ્લા એક સપ્તાહ દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થતાં તેનો લાભ લેવા ગ્રાહકો મોટી સંખ્યામાં જ્વેલરી શોરૂમમાં ઉમટી પડ્યા હતા. શુભ દિવસે ખરીદી કરવાની પરંપરા અને કિંમતી ધાતુઓના ભાવમાં આવેલા ઘટાડાના સંયુક્ત પ્રભાવથી સુરતના જ્વેલરી બજારમાં દિવસભર તેજી અને ઉત્સાહનો માહોલ રહ્યો હતો.

રવિ પુષ્ય નક્ષત્રને સોના-ચાંદીની ખરીદી અને રોકાણ માટે અત્યંત શુભ માનવામાં આવે છે. આ વર્ષે દિવાળી પહેલાં સોના-ચાંદીના ભાવ તેમના અગાઉના ઊંચા સ્તરેથી

...અનુસંધાન પાના 9 પર

છોકરા તરીકે રહેવાનું પસંદ કરતી પુત્રીએ પિતાની હત્યા કરી

મોબાઈલ ફોન ફેંકી દેતાં ઉશ્કેરાયેલી ૨૨ વર્ષીય પુત્રીએ કુકરના ઢાંકણ અને છરીથી હુમલો કરતા પિતાનું મોત

સુરત : અમરોલીના કોસાડ આવાસમાં ઘરકામ બાબતે પિતા-પુત્રી વચ્ચે થયેલી બોલાચાલી લોહિયાળ અંજામ સુધી પહોંચી હતી. ગુસ્સામાં પિતાએ પુત્રીનો મોબાઈલ ફોન છીનવી નીચે ફેંકી દેતાં ઉશ્કેરાયેલી ૨૨ વર્ષીય પુત્રીએ કુકરનું ઢાંકણ અને છરી વડે પિતા પર હુમલો કર્યો હતો. માથા અને પેટના ભાગે ગંભીર ઈજાઓ થતાં ૫૫ વર્ષીય પિતાનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે અમરોલી પોલીસે પુત્રી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. તેને ઘરમાં વિક્રમ કહીને એટલા માટે બોલાવતા હતા કે તે છોકરી હોવા છતાં છોકરા તરીકે રહેવાનું પસંદ કરતી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, અમરોલીના કોસાડ આવાસ એચ-૫માં બિલ્ડિંગ નં. ૩૬૫/એ/૦૪ ખાતે રમેશસિંહ કૈલાસસિંહ રાજપૂત (ઉં.વ. ૫૫) પરિવાર સાથે રહેતા હતા. ગત તા. ૩૧ ઓક્ટોબરની રાત્રે ઘરકામ બાબતે રમેશસિંહ અને તેમની સૌથી નાની પુત્રી કાજલ ઉર્ફે વિક્રમ (ઉં.વ. ૨૨) વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન મામલો ઝપાઝપી સુધી પહોંચ્યો હતો.

બોલાચાલી દરમિયાન રમેશસિંહે પુત્રી પાસેથી મોબાઈલ ફોન છીનવીને નીચે ફેંકી દીધો હતો. જેથી ઉશ્કેરાયેલી કાજલે ઘરમાં પડેલું કુકરનું ઢાંકણ અને છરી લઈને પિતા પર હુમલો કર્યો હતો. કુકરના ઢાંકણથી માથાના ભાગે અને છરીથી પેટના ભાગે ઘા ઝીંકતાં રમેશસિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

હુમલામાં લોહીલુહાણ થયેલા રમેશસિંહ ઘરની બહાર ઓટલા પાસે જઈને બેભાન થઈ ઢળી પડ્યા હતા. પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં તબીબી ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે, તપાસ દરમિયાન તબીબે રમેશસિંહને મૃત જાહેર કર્યા હતા.

ઘટનાની જાણ થતાં અમરોલી પોલીસના પી.એસ.આઈ. આર.બી. ઝાલા સહિતનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો.

કામરેજ નજીકથી 2829 કિલો જેટલી શંકાસ્પદ મીઠાઈ ઝડપાઈ

છેડછા ગામ નજીક આઉટર રિંગ રોડ પાસે કામરેજ પોલીસની કાર્યવાહી

કામરેજ : કામરેજ તાલુકાના છેડછા ગામ નજીક આઉટર રિંગ રોડ પાસે કામરેજ પોલીસે શંકાસ્પદ મીઠાઈનો 2829 કિલો જથ્થો તેમજ મીઠાઈ બનાવવાની સામગ્રી પકડી પાડવામાં આવી હતી. ફૂડ વિભાગે આ દરોડા બાદ સેમ્પલ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કામરેજ તાલુકાના છેવાડાના ગામ અને સુરત શહેરને અડીને આવેલા છેડાછા ગામની હદમાં આઉટર રિંગ રોડ કડોદરા જતાં રોડ તરફ એન્થમ સર્કલ જતાં રોડ પર આવેલી શિવ ટ્રાન્સપોર્ટનગરની સામે કેડીઆર ઈન્ડસ્ટ્રીઝના શેડ નંબર 3 માં અલગ અલગ ફ્લેવરની શંકાસ્પદ મીઠાઈ બની રહી હોવાની કામરેજ પોલીસને માહિતી મળતાં તપાસ કરી હતી.

પોલીસે ગેસના ચુલા, બોઈલર મશીન, લાકડા તેમજ અંજીર ભરેલા



બોક્ષ, ફૂડ કલરો મળી આશરે રૂપિયા 39,67,250નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.

શંકાસ્પદ મીઠાઈના સુરતના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સેમ્પલ લેવામાં આવ્યા હતા. ત્યારે અહીં સવાલ એ થાય છે લોકો મીઠાઈ આરોગી ગયા બાદ કાર્યવાહી કરવામાં આવશે?

પોલીસે પકડેલો જથ્થો

મીઠાઈ	2829 કિલો
પામ ઓઈલ	74 ડબ્બા
ખાંડ	200 કિલો 200 બેગ
અમુલ મિલ્ક પાઉડર	225 બેગ
અમુલ દૂધ	1310 લીટર
બરફી માટેનો માવો	60 કિલો

રાજપૂત અવસાન (ડુંભાલ)

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥



અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા પ.પૂ. માતૃશ્રી ગં.સ્વ. મનહરબેન મહેન્દ્રસિંહ ઠાકોર નું તા. ૩૧/૧૦/૨૦૨૬ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

:: બેસણાંનું સ્થળ ::

સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૦૪/૧૧/૨૦૨૬ ને બુધવારના રોજ બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાક સુધી મહેશ્વરી લક્ષરીયા (શ્રીમહેશ્વરી સેવા સદન), ગ્રાઉન્ડ ફ્લોર હોલ, યુનિટી હોસ્પિટલની બાજુમાં, આઈમાતા રોડ, પર્વત પાટીયા, સુરત મુકામે રાખેલ છે.

સ્વ.ગં.સ્વ. મનહરબેન
મહેન્દ્રસિંહ ઠાકોર
સ્વ. તા. ૩૧/૧૦/૨૦૨૬

લિ. (લૌકીક રિવાજ સદંતર બંધ છે)

દેવેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ ઠાકોર (પુત્ર)
હેતલ દેવેન્દ્રસિંહ ઠાકોર (પુત્રવધુ)
મિરાજ દેવેન્દ્રસિંહ ઠાકોર (પૌત્ર)
યોગી મિરાજ ઠાકોર (પૌત્રવધુ)
પાવન દેવેન્દ્રસિંહ ઠાકોર (પૌત્ર)
સુનીતા બિરેન્દ્રસિંહ મહીડા (પુત્રી)
સુરભી કિશોરસિંહ માંગરોલા (પુત્રી)
પ્રજ્ઞા જયેશકુમાર દેવધરા (પુત્રી)

:: પિયરપક્ષ ::
સ્વ. ઉદયસિંહ જોરાવરસિંહ મહીડા
સ્વ. હરદેવસિંહ ઉદયસિંહ મહીડા
જયેશસિંહ ઉદયસિંહ મહીડા
મુ.પો. સેલવાસ
દાદરા નગર હવેલી

:: નિવાસસ્થાન ::
''દત્ત સદન'' મુ.પો.ડુંભાલ, આઈમાતા રોડ, સુરત સટી

શ્રધ્ધાંજલિ



વિદાય તો માત્ર દેહની છે, યાદો ક્યારેય વિદાય લેતી નથી. આપની સ્મૃતિઓ હંમેશાં હૃદયમાં અમર રહેશે.
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

લિ.
છીમાભાઈ મગનભાઈ પટેલ
સ્વ.વિશ્વાસભાઈ છીમાભાઈ પટેલ
સાગરભાઈ છીમાભાઈ પટેલ
રેશમાબેન સાગરભાઈ પટેલ
લક્ષ્મીબેન મગનભાઈ પટેલ
પિંકીબેન રાજેશભાઈ પટેલ (ભાણેજ)
તક્ષ સાગરભાઈ પટેલ
સાચી સાગરભાઈ પટેલ

સ્વ. જશુબેન
છીમાભાઈ પટેલ
સ્વ. તા. ૩૦-૧૦-૨૦૨૬

સ્થળ : ૩૦૬, બાપુનગર-૨, મગદલ્લા, સુરત.



૧૯મી પુણ્યતીથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ

આપણા સંગાથમાં સ્નેહ સાગર સમી જિંદગીની સઘળી ક્ષણો નિકટમાં રહી વિતાવવાની અમારી અભિલાષા વિલાઈ ગયાની વેદના હજુ આજે પણ અમે સહુ અનુભવી રહ્યા છીએ. અમારી સુખ દુઃખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશિર્વાદ વરસતા રહે એ જ પ્રાર્થના.

લિ.

પુષ્પાબેન દિનેશચંદ્ર શીંગવાલા
દીપેશભાઈ દી. શીંગવાલા — જીગ્નીશા દી. શીંગવાલા
વત્સલ અનિલ ફ્રિસ્તી (કેનેડા) — વેન્સી વત્સલ ફ્રિસ્તી (કેનેડા)
નેહિલ દિપેશભાઈ શીંગવાલા — આર્ચી નેહિલ શીંગવાલા
હેઝલ નેહિલ શીંગવાલા (પૌત્રી) શીંગવાલા પરિવાર

સ્વ. દિનેશચંદ્ર એન. શીંગવાલા
સ્વ. ૦૨-૧૧-૨૦૦૭
આસો વદ આઠમ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



વિધિનાં લખ્યા લેખ કુર થઈ ગયા, હાસ્ય તણા ઝળઝળીયા આંખોના પુર થઈ ગયા, હજુ ઘણી જરૂરિયાત હતી તમારી, તમે દૂર થઈ ગયા, જગતની દરેક સમૃધ્ધી મળશે પણ કલ્પવૃક્ષ જેવી તમારી છાયા ક્યાંય નહીં મળે. જન્મો જન્મ મળો તમો અમોને અંતઃકરણની એ જ અભિલાષા.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.

લિ.
શ્રી વામનભાઈ સુખાભાઈ ઉર્ફે નારણભાઈ પટેલ
શ્રી જયકુમાર વામનભાઈ પટેલ
શ્રી હર્ષકુમાર વામનભાઈ પટેલ
શ્રી ધ્રુવિલકુમાર શાન્તુભાઈ પટેલ
શ્રી શીવકુમાર ઈશ્વરભાઈ પટેલ
(ઓમ, શીવ, ટીયા, ઉર્જા)

સ્વ. શાંતિલાલ ઉર્ફે શાન્તુભાઈ નારણભાઈ પટેલ
(માજી સરપંચ)
જન્મ તા. ૦૪/૦૧/૧૯૬૯
સ્વ.તા. ૦૨/૧૧/૨૦૨૫

નિવાસસ્થાનઃ ૩, પટેલ ફળિયુ, વડોદ ગામ, ભેસ્તાન, સુરત.

મિત્રો તરફથી હાર્દિક શ્રદ્ધાંજલિ



પ્રિય સખી, તારી યાદ અમર રહેશે. અધૂરી રહી ગઈ આપણી દોસ્તી, એક યાદગાર સખીને વિદાય, તું હતી, તું હંમેશાં રહીશ, તારી સ્મિતભરી યાદો અમર છે, યાદોનો સાથ ક્યારેય નહીં છૂટે, વહાલી સખી, હૃદયપૂર્વક વિદાય, તારા વિના બધું સૂનું લાગે છે. મિત્રતાનું એક સુંદર ફૂલ ખરી પડ્યું, તારી યાદોમાં જ તું જીવંત રહીશ. પ્રભુ તારી દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લિ.
કપિલા પ્રમોદચંદ્ર ગલિઆવાલા
પ્રમોદચંદ્ર નટવરલાલ ગલિઆવાલા
જયશ્રીબેન અરવિંદભાઈ જરીવાલા
અરવિંદભાઈ પ્રાણલાલ જરીવાલા
રમેશચંદ્ર ડાહ્યાભાઈ જરીવાલા
લીલા જયવદન હાથીવાલા
ઘનુબેન નવીનચંદ્ર ચેવલી

સ્વ. નિર્મલાબેન
નંદકિશોર ચોરાવાલા
સ્વ. તા. ૨૯-૧૦-૨૦૨૬

અનાવિલ દુઃખદ અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે
અમારા સ્વજન
સ્વ. દોલતરાય રઘનાથજી દેસાઈ
(મૂળ વતન ડુંગરી
હાલ રહેવાસી બંગલા નં.28,
આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ , સુરત)
નુ તા- 31/10/2026 ને શનિવાર ના રોજ
તેઓના સુરત નિવાસસ્થાને
અત્યંત દુઃખદ અવસાન થયું છે.
સદગત ની સ્મશાનયાત્રા
03/11/2026 ને મંગળવારે
સવારે 8.30 કલાકે સુરત
નિવાસસ્થાને થી નીકળી રામનાથ ઘેલા,
ઉમરા સ્મશાનભૂમિ ખાતે જશે.
પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના આત્માને
ચીર શાંતિ આપે ,
ૐ શાંતિ શાંતિ શાંતિઃ

સ્વ. દોલતરાય રઘનાથજી દેસાઈ
(સ્વ. તા. 31/10/2026)

બેસણું રાખવામાં આવેલ નથી.

: લિ. :
ગં.સ્વ. અનસૂયાબેન દોલતરાય દેસાઈ
મિતેષ દોલતરાય દેસાઈ (પુત્ર) USA — નિશા મિતેષ દેસાઈ (પુત્રવધુ) USA
પિનાકીની (પિન્કી) દિનેશભાઈ શેઠ (પુત્રી) USA — દિનેશભાઈ શેઠ (જમાઈ) USA
કેતકી હિરેનભાઈ દેસાઈ (પુત્રી) USA — હિરેનભાઈ દેસાઈ (જમાઈ) USA
સંજુય દોલતરાય દેસાઈ (પુત્ર) USA — શિલ્પા સંજુય દેસાઈ (પુત્રવધુ) USA
સોનિયા, નીલ — રાહુલ - રાના, મીરા, પ્રિયા
પાર્થ - લિન્ડા, સમીર — શર્વરી - લોગન, મનન

સમસ્ત ડુંગરી પરિવાર

: નિવાસ સ્થાન :
28, આદર્શ સોસાયટી, અઠવાલાઇન્સ , સુરત